| Accredited Grade "A" by NAAC | **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** |
| --- | --- |
| **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૩૬૦ ૦૦૫** | |
| નં.એકે/કાયદા/પ્રવેશ/૫૯૯/૨૦૧૫ | તા.૨૫/૭/૨૦૧૫ |

પરિપત્ર:–

આથી યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે ઉકત વિદ્યાશાખાના એલએલ.બી (થ્રીયર્સપ્રોગ્રામ)ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપવાની જોગવાઈ O.Law.1માં કરવામાં આવેલ છે . જેમાં પ્રવેશના લાયકાતના ધોરણો અંગેના બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીના પત્રાંક BCI:D:1515/2012 (LE) તા.૨૪–૭–૨૦૧૨ અન્વયે અનુસ્નાતક કક્ષાએ ૪૫% કે તેથી વધુ ગુણ ધરાવનાર વિદ્યાર્થીઓને ઉપરોકત અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર જાહેર કરેલ હોવાથી એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૩/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક ૨૦ અને સિન્ડિકેટની તા.૨૬–૬–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક ૪૫(૨૦) અન્વયે BCIના ઉપરોકત પત્રની જોગવાઈ સ્વિકારી તે મુજબ ઉપરોકત O.Law.1માં નીચે મુજબનો Proviso આથી ઉમેરવામાં આવે છે

O.Law.1 (સંદર્ભ ભાગ Proviso )

provided a candidate having obtained less then 45% marks in Bachelor Degree and 45% or more marks in post Graduate Degree is eligible to apply for admission.

આથી સર્વે સંબંધિતોને વિનંતી કરવાની કે એલએલ.બી (થ્રીયર્સ ડીગ્રી પ્રોગ્રામ )ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ માટે પ્રવેશ યાદી તૈયાર કરવામાં ઉપર મુજબના પ્રોવિઝો મુજબ જે અરજદારને સ્નાતક કક્ષાની પદવી પરીક્ષામાં ૪૫% કરતા ઓછા ગુણ મળેલ હોય માત્ર તેવા જ અરજદારો માટે ઉપર મુજબના સુધારેલ O.Law.1નો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી કરવા વિનંતી.

(ડો.ધીરેન ડી.પંડયા)
**I/C.કુલસચિવ**

રવાના કર્યુ

વિભાગીય અધિકારી
(એકેડેમિક વિભાગ)

પ્રતિ,
(૧) સંલગ્ન કાયદા વિદ્યાશાખા હેઠળની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) પ્રાધ્યાપક અને અધ્યક્ષશ્રી,કાયદાશાસ્ત્ર ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૫.

નકલ સાદર રવાના :–
૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. ડીનશ્રી,કાયદા વિદ્યાશાખા
૩. પરીક્ષા નિયામકશ્રી (૮ નકલ)
૪. સિન્ડિકેટ વિભાગ
૫. જોડાણ વિભાગ
૬. પી.જી.વિભાગ
૭. સામાન્ય વિભાગ
૮. સામાન્ય વિભાગ નિયામકશ્રી,કોમ્પ્યુટર સેન્ટર,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે સીડી સાથે)